ક્રમાંક : રોતાનિ/એફી/જીસીવીટી/૨૦૧૯/૧૦૬
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં. ૧, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તારીખ : ૩૧/ ૦૧ / ૨૦૧૯

**વંચાણે લીધો** : જીસીવીટીની ગવર્નીંગ બોડીની તા.૧૦/૦૧/૨૦૧૯ના રોજ આયોજીત ૨૨મી બેઠકની કાર્યવાહી નોંધ.

***પરિપત્ર :***

રાજ્યમાં કારીગર તાલીમ યોજના હેઠળ સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ / સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવિધ પ્રકારના એનસીવીટી / જીસીવીટી પેટર્નના વ્યવસાયોમાં નિયત અભ્યાસક્રમો મુજબ તાલીમ આપવામાં આવે છે. સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અત્રેની કચેરી દ્વારા પ્રાથમિક મંજુરી આપ્યા બાદ સંસ્થાએ પેટર્ન મુજબ એનસીવીટી / જીસીવીટીનું એફીલીએશન મેળવ્યા બાદ તાલીમાર્થીઓના પ્રવેશની કાર્યવાહી કરવાની રહે છે. જે કાર્યપધ્ધતિને બદલે ઉક્ત વંચાણે લીધેલ કાર્યવાહી નોંધમાં લેવાયેલ નિર્ણય મુજબ સ્વનિર્ભર સંસ્થાઓમાં નવી નિતી અમલમાં એનસીવીટી / જીસીવીટી પેટર્નના વ્યવસાયો માટે અરજી, પ્રાથમિક મંજુરીના નોર્મ્સ તથા એફીલીએશન પ્રદાન કરવા માટે નવી નિતીનો અમલ કરવા ઠરાવેલ છે. હવેથી સ્વનિર્ભર ધોરણે વ્યવસાય શરૂ કરવા અત્રેની કચેરીની પ્રાથમિક મંજુરી લેવાની રહેતી નથી. જેના બદલે સૌપ્રથમ જે તે પેટર્ન મુજબ એફીલીએશન મેળવવાનું રહેશે. જે એફીલીએશન મેળવ્યા બાદ જ તાલીમાર્થીઓને પ્રવેશ આપવા માટે મંજુરી આપવામાં આવશે.

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલોપમેન્ટ & એન્ટરપ્રિન્યોરશીપ (MoSDE) વિભાગના ડાયક્ટોરેટ જનરલ ઓફ ટ્રેનીંગ (DGT) દ્વારા ચાલતા નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (NCVT) માન્ય અભ્યાસક્રમો અને ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (GCVT) માન્ય અભ્યાસક્રમોનું એફીલીએશન મેળવવા ઇચ્છુક અરજદારો જેવા કે સોસાયટી / ટ્રસ્ટ / પબ્લીક લિમિટેડ કંપની / સરકાર વગેરે દ્વારા કાઉન્સિલની જે તે પ્રકારના અભ્યાસક્રમો માટે એફીલીએશન મેળવવું અનિવાર્ય છે. જે માટે માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમોનું એફીલીએશન મેળવવા માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

## એનસીવીટી માન્ય અભ્યાસક્રમોનું એફીલીએશન મેળવવા માટેની નવી નિતી :

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલોપમેન્ટ & એન્ટરપ્રિન્યોરશીપ (MoSDE) વિભાગના ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેનીંગ (DGT) દ્વારા સરકારી/પ્રાઇવેટ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં એફીલીએશન પ્રક્રીયા માટે "Affiliation Norms for ITI-2018" પ્રકાશિત કરેલ છે. જે અંતર્ગત એનસીવીટીનું એફીલીએશન મેળવવા ઇચ્છુક અરજદારોએ ડીજીટી, ન્યુ દિલ્હીની વેબસાઇટ https://ncvtmis.gov.in પર ઓન લાઈન અરજી કરવાની રહે છે. જે અંગેની સુચનાઓ / માર્ગદર્શન https://ncvtmis.gov.in તથા http://talimrojgar.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે. (એનસીવીટી એફીલીએશન માટે ભારત સરકારની ગાઇડલાઇન મુજબ ઓછામાં ઓછા ૦૪ વ્યવસાયોની દરેક વ્યવસાયમાં ૦૨ બેચ હોવી ફરજીયાત છે.) ઓનલાઇન એફીલીએશન પ્રક્રીયામાં ડીજીટી દ્વારા આપવામાં આવેલ એફીલીએશન અને ઇન્સ્પેક્શનની સુચનાઓ મુજબ તમામ પ્રક્રીયા પૂર્ણ થયા બાદ ડીજીટી દ્વારા જે સત્રથી મંજુરી આપવામાં આવે તે મુજબ તેનો અમલ કરવાનો રહેશે.

એનસીવીટી એફીલીએશન માટેનું પોર્ટલ સંપૂર્ણ કાર્યરત હોય હવેથી સ્વનિર્ભર / ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ માટે એનસીવીટીના વ્યવસાયની નોન એફીલીએટેડ તરીકેની મંજુરી કાયમી ધોરણે બંધ કરવામાં આવે છે અને **જે સંસ્થાઓ નોન એફીલીએટેડ તરીકેની મંજુરી મળેલ હોય તે તમામે જૂન-૨૦૧૯ સુધીમાં એનસીવીટીનું એફીલીએશન મેળવી લેવા તાકીદ કરવામાં આવે છે. અન્યથા જે તે વ્યવસાયની મંજુરી આપોઆપ રદ્દ થયેલી ગણાશે જેની નોંધ લેવી.**

## જીસીવીટી માન્ય અભ્યાસક્રમોનું એફીલીએશન મેળવવા માટેની નવી નિતી :

હવેથી હયાત સ્વનિર્ભર સંસ્થા / ગ્રાન્ટ-ઇન-એઇડ અથવા નવી સ્વનિર્ભર સંસ્થાને જીસીવીટી પેટર્નના સ્વનિર્ભર અભ્યાસક્રમોના એફીલીએશન મેળવવા માટે નિયત નમુના ફોર્મમાં જરૂરી માહિતી ભરી આધાર પુરાવા સાથે રૂ.૫૨૦૦/- જીસીવીટીમાં ઓનલાઇન ભરી તેની રસીદ સાથે અત્રેની કચેરીની એફીલીએશન શાખા ખાતે અરજી કરવાની રહેશે. જે અત્રે મળ્યા બાદ સૌપ્રથમ સ્ટેજ-૧ની પ્રાથમિક ચકાસણી અંગેની અનુગામી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સ્ટેજ-૧ની કાર્યવાહી સફળ રીતે પૂર્ણ થયા બાદ સ્ટેજ-૨ની કાર્યવાહી હાથ ધરી શકાશે. જીસીવીટી પેટર્નના અભ્યાસક્રમોનું એફીલીએશન મેળવવા માટેનું નિયત નમુના ફોર્મ તથા સ્ટેજ-૧ અને સ્ટેજ-૨માં કરવાની કાર્યવાહીની જરૂરી માર્ગદર્શક સુચનાઓ અત્રેની કચેરીની વેબસાઇટ http://talimrojgar.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે. જેનો અરજી કરનાર તમામ સંસ્થાઓએ વિગતે અભ્યાસ કરી લેવાનો રહેશે. ભારત

સરકારની ગાઇડલાઇન મુજબ જ નવી સંસ્થાઓ માટે જીસીવીટી પેટર્નના વ્યવસાયના એફીલીએશન માટે પણ ઓછામાં ઓછા ૦૪ વ્યવસાયોની દરેક વ્યવસાયમાં ૦૨ બેચનું એફીલીએશન મેળવવાનું રહેશે. જેમાં ગુજરાત સરકારે જાહેર કરેલ ફક્ત વિકાસશીલ તાલુકા માટે છુટછાટ આપેલ છે. (અત્રેની કચેરીની વેબસાઇટ http://talimrojgar.gujarat.gov.in ઉપર વિકાસશીલ તાલુકાની યાદી મુકેલ છે. વિકાસશીલ તાલુકા માટે અરજી કરનારને નવી સંસ્થા માટે જીસીવીટી પેટર્નના ઓછામાં ઓછા ૦૨ વ્યવસાયોની દરેક વ્યવસાયમાં ૦૨ બેચનું એફીલીએશન મેળવવાનું રહેશે.) જીસીવીટી એફીલીએશન માટે સમયસારણી પણ વેબસાઇટ ઉપર મુકેલ છે. **અરજદાર સંસ્થાના જે તે વ્યવસાયની જીસીવીટી એફીલીએશન અંગેની સંપૂર્ણ કામગીરી ૩૦ જૂન સુધીમાં પૂર્ણ થઇ હશે તે જ સંસ્થાને જે તે વર્ષના ઓગસ્ટની અસરથી જીસીવીટીનું એફીલીએશન મળવાપાત્ર રહેશે.** જે મુજબ એફીલીએશન અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે અરજી કરનાર તમામ સંસ્થાઓએ ચુસ્તપણે અનુસરવાની રહેશે.

(સુપ્રીત સિંઘ ગુલાટી)
નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

પ્રતિ,

નાયબ નિયામક (તાલીમ),

પ્રાદેશિક કચેરી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.

<u>નકલ રવાના ઇ-મેઇલ મારફત</u> :-

૧) તમામ નોડલ સંસ્થાઓને જાણ તેમજ તાબાની તમામ સંસ્થાઓને પરિપત્રની જાણ કરવા સારૂ.

૨) તાલીમ પાંખની તમામ શાખાઓ તરફ જાણ સારૂ.

૩) જીસીવીટી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

૪) સંચાલકશ્રી, તમામ સ્વનિર્ભર સંસ્થાઓ તરફ.

૫) સંચાલકશ્રી, તમામ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ તરફ.

૬) આઇ.ટી.સેલ તરફ અત્રેની વેબ સાઇટ પર સદર પરિપત્ર અપલોડ કરવા સારૂ.

<u>નકલ સવિનય રવાના</u> :-

૧) પી.એ. ટુ નિયામકશ્રી તરફ.

૨) નાયબ સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ તરફ જાણ સારૂ.